
ઋષિ ચિંતનના સાંનિધ્યમાં

# ધર્મધારણાને આચરણમાં ઉતારવી જોઈએ




ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર

http://awgp.org

http://rushichintan.com

# ધર્મધારણાને આચરણમાં ઉતારવી જોઈએ

દેવીઓ અને ભાઈઓ,

નીતિનું વચન છે કે શાસ્ત્રનો અભ્યાસ કરીને પણ લોકો મૂર્ખ હોય છે. શાસ્ત્રનો જાણકાર તો તે છે જે તેના આદેશોનું પાલન કરે છે. ઔષધિના ગુણોની પ્રશંસા કરવાથી રોગમુક્ત થવાતું નથી. એ માટે તો તેનું સેવન કરવાથી જ લાભ થશે.

સ્વાધ્યાય અને સત્સંગનું મહત્વ એ માટે સ્વીકારવામાં આવ્યું છે કે વાંચેલાં શાસ્ત્રવચનો અને સાંભળેલા સદ્દઉપદેશોને આત્મસાત્ કરીને મનુષ્ય પોતાની ખામીઓને સુધારીને સન્માર્ગે ચાલવાની પ્રેરણા મેળવે. મુખ્ય હેતુ કોઈ પુસ્તકનાં પાનાં ફેરવવા કે કોઈના મુખમાંથી નીકળતા વચનોને સાંભળવાનું નથી, આ તો પુણ્યફળ મેળવવાનું સાધ્ય છે, સાધન નથી, શાસ્ત્રોનો પાઠ પુણ્ય પણ હોઈ શકે છે, પરંતુ તેવું ત્યારે બનશે કે જ્યારે તેના ઉપયોગી અંશને જીવનક્રમમાં ઉતારવામાં આવે.

જો એવું કાંઈ બનશે નહીં, માત્ર અક્ષરોને જ વાંચી, લેવામાં આવ્યા, તો તે એક સમય વ્યતીત કરવા પૂરતું છે. મધની અનેક પ્રકારની ચર્ચા સાંભળવાનો ત્યારે લાભ મળી શકે છે, જ્યારે તેને પ્રાપ્ત કરીને સેવન કરવામાં આવે. જો માત્ર મધના ગુણ દર્શાવતા પુસ્તકને વાંચ્યું હોય તો ભલા મધના સેવનથી પ્રાપ્ય લાભ કેવી રીતે મળી શકે ?

કોઈ ધર્મશાસ્ત્રના પાઠનું ગમે તેટલું મહત્વ બતાવવામાં આવ્યું હોય, તે સાચું ત્યારે પુરવાર થશે, જ્યારે તેની પ્રેરણા જીવનક્રમને ઉત્કૃષ્ટતાની દિશામાં વધારે તત્પરતાપૂર્વક આગળ વધવાની પ્રેરણા આપી શકે.

આ જ વાત કોઈ સંત કે મહાપુરુષનાં દર્શન કરવા અને તેમના પ્રવચનને સાંભળવા પર લાગુ પડે છે. કોઈ કેટલોય મોટો યોગી કે સંત ભલેને ન હોય, છતાં તેના દર્શન માંથી કોઈને કાંઈપણ લાભ મળી શકતો નથી કે નથી કાનના પરદા સાથે અથડાઈને હવામાં ઉડી જતા પ્રવચન કોઈ પુણ્યફળ આપી શકતા. દર્શન અથવા શ્રવણને પૂર્ણ માની બેસવું બહુ મોટી ભૂલ છે.

તે જીવન ઉત્કર્ષની દિશામાં પ્રેરણા આપી શકે છે અને જો વ્યકિતત્વનું અનુકરણ અથવા સદ્દપરામર્થનું અનુસરણ થઈ શકતું હોય તો કથન શ્રવણનાં જે માહાત્મ્યનું વર્ણન તથા પુણ્યફળ દર્શાવ્યું છે તે મળી શકે. સત્સંગનો હેતુ એ છે કે શ્રેષ્ઠ લોકોએ પોતાના વ્યકિતત્વને ઢાળવામાં અને કર્તૃત્વને પ્રખર બનાવવામાં શા માટે અને કેવી રીતે પ્રયત્નો કર્યા છે તેમને નજીકથી અધ્યયન અન્વેષણ દ્વારા આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેમણે સમુદ્રના ઊંડાણમાં ઊતરીને પ્રવેશ કર્યો છ, તેમણે જ મોતી મેળવ્યાં છે, જે કિનારા પર બેસીને સમુદ્રનું દર્શન કરે છે તેમણે સમુદ્રના સંગાથનો છીછરો સંતોષ ભલે મળી જાય, પણ કાંઈ કહેવા લાયક પ્રાપ્તિ તેમના હાથમાં આવશે નહીં.

ધર્મની સાર્થકતા ધારણા અથવા નિષ્ઠામાં છે. જે ક્રિયાકર્મ આપણને સન્માર્ગે આગળ વધવાની પ્રેરણા આપી શકે તેને સાર્થક કહેવામાં આવશે. ધાર્મિક કર્મકાંડનું એકમાત્ર તાત્પર્ય એ છે કે તેને પૂર્ણ કરવાની સાથે જે ઉચ્ચ ભાવનાઓ તે પ્રયોજનની સાથે સંકળાયેલી છે, તેમને મનની એકાગ્રતાથી સમજવામાં આવે અને તેમનો નિષ્ઠાપૂર્વક જીવનની પ્રવૃત્તિઓમાં સમાવેશ કરવામાં આવે.

સમસ્ત કર્મકાંડનું વિધાન આ એક ઉદ્દેશને માટે થયું છે. સચ્ચાઈના ઊંડાણમાં ન ઊતરતાં જો છીછરી સમજથી એ માની લેવામાં આવે કે તે ક્રિયાકર્મ જ પુણ્યફળની પ્રાપ્તિ કરાવી શકે છે, તો એ ભયંકર ભૂલ જ હશે. ભોજન બનાવવાનું ક્રિયાકર્મ કેટલું વ્યવસ્થિત કેમ ન હોય, પણ તેનો લાભ ત્યારે જ થાય છે, જ્યારે રાંધવામાં આવેલી રસોઈને ખાવામાં પણ આવે. વાનગીઓનું પ્રદર્શન જોઈને અથવા સ્પર્શથી ભૂખ સંતોષી શકાતી નથી અને ધર્મકર્મોની વિધિવ્યવસ્થા કરવા માત્રથી આત્મિ ક પ્રગતિ અથવા આત્મશાંતિનું લક્ષ્ય પૂર્ણ થતું નથી. મુખ્ય લાભ તો આચરણનો છે. તેની પ્રેરણા આપવા માટે સત્સંગ સ્વાધ્યાય, સંતદર્શન, કથા પ્રવચન તેમજ વિવિધ વિધિ તથા ધર્મકર્મોની જોગવાઈ કરી છે.

તેગીતામાં કહ્યું છે કે કર્મ અકર્મનો નિર્ણય કરવા માટે શાસ્ત્ર પ્રમાણ છે, પરંતુ પ્રશ્ન એ છે કે કયા શાસ્ત્ર દ્વારા નિર્ણય કરવામાં આવે, કયાથી નહીં ? પ્રત્યેક મત અને વિચારધારા માટે અલગ અલગ શાસ્ત્ર છે. યહૂદીઓ માટે બાઈબલનો પૂર્વાર્ધ 'ઓલ્ડટેસ્ટામેન્ટ' અપૌરુષેય છે તો ખ્રિસ્તીઓ માટે તેનો ઉત્તરાર્ધ 'ન્યૂટેસ્ટામેન્ટ' બ્રહ્મવાકય છે. જેનો માટે જૈનગમ-સુત્ત, બૌદ્ધોને માટે 'ત્રિપટિક' અને આ રીતે હિંદુ વગેરે અન્ય ધર્માનુયાયીઓ માટે પોતાનો ધર્મગ્રંથ સર્વશ્રેષ્ઠ છે. હિંદુઓમાં પણ વળી અનેક મતમતાંતરો છે.

આજે ધર્મતંત્રમાં વિરોધી તત્વોની જ વિપુલતા થઈ ગઈ છે. પરિણામે તેમાં વિકૃતિઓની વૃદ્ધિ થતી રહી છે. ધર્માધ્યક્ષનું રૂપ ધારણ કરીને પોતાનો સ્વાર્થ પૂરા કરવાની ચાલાકી જયાં ત્યાં શરૂ થઈ છે. આના કારણે સમાજના શ્રમ, ધન, અને સન્માનનું

શોષણ થઈ રહ્યું છે. બદલામાં સામાન્ય માનવીને જે મળે છે તેમાં હાનિ જ હાનિ થઈ રહી છે. કલ્પના લોકનાં નિરર્થક ઉડયનો, મૂઢ માન્યતાઓ, અંધવિશ્વાસ વગેરે જ લોકો મેળવી શકે છે.ભાગ્યવાદ, દેવવાદ, પલાયનવાદ ઉપેક્ષાવાદ જેની હાનિકારક માન્યતાઓ જ તે ક્ષેત્રમાં સામાન્ય માનવીને મળે છે. જે આદર્શવાદી દૃષ્ટિકોણની શુદ્ધિ કરવાનો ધર્મતંત્રની સ્થાપનાનો ઉદ્દેશ હતો, તેનું સર્વથા વિપરીત પ્રશિક્ષણ આપવામાં આજનું વિકૃત ધર્મતંત્ર કટિબદ્ધ બની રહ્યું છે. નદી સ્નાન, દેવદર્શન જેવા છૂટક કર્મકાંડથી પાપનો દંડ ભોગવવામાંથી છુટકારો મળી જાય છે અને અમુક પૂજાવિધિથી સ્વર્ગમુકિતની, દેવકૃપાથી મનની ઇચ્છા પૂર્ણ થવાની સિદ્ધિ મળી શકે છે, આ માન્યતાએ અનૈતિકતા  તેમજ અકર્મણ્યતાને ઉત્તેજન આપ્યું છે. જો પાપની સજાથી સહજ છુટકારો મળી શકે તો પછી દુષ્કર્મોથી ભરપૂર લાભ શા માટે ન ઉઠાવવો જોઈએ ? જ્યારે અમુક કર્મકાંડ જ સ્વર્ગમુકિત વગેરેનો લાભ આપી શકે છે તો આત્મોત્કર્ષને માટે ચારિત્રનિષ્ઠા તેમજ પરમાર્થ પરાયણતાની કષ્ટસાધ્ય પ્રક્રિયા શા માટે સ્વીકારવી જોઈએ ? આજે ધર્મક્ષેત્રમાં ધર્માનુષ્ઠાનોનો મહિ મા આકાશપાતાળ જેટલો બતાવવામાં આવી રહયો છે અને ધર્મતત્વના મુળ પર તીક્ષણ કુઠારાઘાણ કરવામાં આવી રહયો છે.

કેટલા દુઃખની વાત છે કે સામાન્ય માનવી પાસેથી અસીલ શ્રદ્ધા અને પ્રચુર સંપદા પ્રાપ્ત કર્યા પછી પણ ધર્મતંત્ર બદલામાં તે ભ્રમણાઓ આપી રહ્યો છે, જે આત્મોકર્ષનું પ્રયોજન પૂર્ણ કરવામાં મદદરૂપ થવી તો દૂર ઊલટાનું વિઘ્ન ઉભાં કરે છે. "એન ઇન્ટ્રોડક્શન ટુ ધી ફીલોસોફી ઑફ રિલીજન" માં રોબર્ટ લીટ પૈટરસન લખે છે કે - "ધાર્મિક હોવાનો અર્થ છે સદ્દવિચારો તેમજ સદ્દભાવનાઓનો પુંજ બનવું અને જે આ વિશેષતાઓથી સારી રીતે સંપન્ન છે, તે સાચા અર્થમાં ધાર્મિક છે."

ઉપરોકત તથ્યથી ધર્મનું યથાર્થ સ્વરૂપ સ્પષ્ટ થઈ જાય છે, પરંતુ એને વિશ્વમાનવનું દુર્ભાગ્ય જ કહેવું જોઈએ કે તેણે હંમેશા ધર્મના અવિકસિત સ્વરૂપને જ નિહાળ્યું અને તેના અનુસરણથી જન્મેથી વિકૃતિઓને ધર્મની વિકૃતિ માની લીધી, જ્યારે ધર્મનું વાસ્તવિક મૂલ્યાંકન ઉત્કૃષ્ટ તથા શુદ્ધ ધર્માનુયાયીઓના આચરણના પ્રકાશ દ્વારા જ કરવું જોઈએ, કારણ કે ધર્મની વિરાટ પરિભાષાની અંતર્ગત ધર્મનો એક એવો વિશ્વાસ કે આસ્થાના સ્વરૂપમાં સ્વીકાર કરવામાં આવે છે, જે વ્યકિતના આચરણમાં તથા તેની ક્રિયાઓમાં પ્રતિબિંબિત થાય છે.

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતી આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્દબુદ્ધી સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિઃશુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

**E-Mail : yugnirman@awgp.org.**